ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૧ તા. ૧૯.૦૩.૨૦૧૯

-----------

# હોળી-ધૂળેટી પર્વ નિમિત્તે
# મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીની પ્રજાજનોને શુભેચ્છાઓ

-----------

**મુ**ખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ ગુજરાતના સૌ નાગરિકોને હોળી - ધૂળેટીના પર્વની શુભકામનાઓ પાઠવી છે.

મુખ્યમંત્રીશ્રીએ રંગોનું આ પર્વ પરસ્પર પ્રેમ-બંધુત્વ અને સામાજિક સમરસતાને ઉજાગર કરતું ઉમંગ પર્વ બની રહે તેવી શુભેચ્છાઓ વ્યકત કરી છે.

શ્રી વિજયભાઇ રૂપાણીએ રંગોનો આ ઉત્સવ જનજીવનમાં ઉલ્લાસ, ઉમંગ અને આનંદના રંગ ભરનારો બને તેવી શુભકામનાઓ પણ સૌ નાગરિકોને પાઠવી છે.

**(પ્રશાંત વાળા)**
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૨ તા. ૧૯.૦૩.૨૦૧૯

-----------

**રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને લોકસભા ચૂંટણી પ્રભારીશ્રી ઓમજી માથુર, મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી તથા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીની ઉપસ્થિતિમાં આજરોજ ગુજરાતની તમામ ૨૬ લોકસભા બેઠકોની સમીક્ષા કામગીરી પૂર્ણ થઇ**

-----------

**પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીને ફરીથી દેશના પ્રધાનમંત્રી બનાવવાનું મન દેશ અને ગુજરાતની જનતાએ બનાવી લીધુ છે, ત્યારે ગુજરાતની તમામ ૨૬ લોકસભા બેઠકો પર કમળ ખીલવવા માટે ભાજપાના લાખો કાર્યકરો પરિશ્રમની પરાકાષ્ઠા સર્જવા કટિબધ્ધ છે – શ્રી જીતુભાઇ વાઘાણી**

-----------

**કોંગ્રેસ પાસે નથી નેતા, નથી નેતૃત્વ કે નથી નીતિ,**
**ત્યારે નેતૃત્વવિહિન અને દિશાવિહિન કોંગ્રેસ અત્યારથી જ ગુજરાતમાં ચૂંટણી મેદાન છોડી ચૂકી છે – શ્રી જીતુભાઇ વાઘાણી**

-----------

**કેન્દ્રીય પાર્લામેન્ટ્રી બોર્ડ દ્વારા જે તે લોકસભા બેઠક પર જે કોઇ નામની પસંદગી કરવામાં આવશે તેને વિજયી બનાવવા માટે ભાજપાના તમામ કાર્યકર્તાઓ, હોદ્દેદારો અને શુભેચ્છકો સૌ કોઇ કૃતનિશ્ચયી છે**
**– શ્રી જીતુભાઇ વાઘાણી**

-----------

ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીએ જણાવ્યુ હતુ કે, આજરોજ તારીખ ૧૯ માર્ચ, મંગળવારે બાકી રહેલ રાજકોટ, કચ્છ, પોરબંદર અને જુનાગઢ એમ ચાર લોકસભા બેઠકોની સમીક્ષા હાથ ધરવામાં આવી હતી. આ સાથે જ ગુજરાતની તમામ ૨૬ લોકસભા બેઠકોની સમીક્ષા કામગીરી આજરોજ પૂર્ણ થઇ હતી. દેશ અને દુનિયાને વિકાસની નવી પરિભાષા આપનાર ગુજરાતના પનોતા પુત્ર આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીને ફરીથી દેશના પ્રધાનમંત્રી બનાવવાનું મન દેશ અને ગુજરાતની જનતાએ બનાવી લીધુ છે, ત્યારે ગુજરાતની તમામ ૨૬ લોકસભા બેઠકો પર કમળ ખીલવવા માટે ભાજપાના લાખો કાર્યકરો પરિશ્રમની પરાકાષ્ઠા સર્જવા કટિબધ્ધ છે.

શ્રી વાઘાણીએ જણાવ્યુ હતુ કે, કેન્દ્રીય પાર્લામેન્ટ્રી બોર્ડ દ્વારા જે તે લોકસભા બેઠક પર જે કોઇ નામની પસંદગી કરવામાં આવશે તેને વિજયી બનાવવા માટે ભાજપાના તમામ કાર્યકર્તાઓ, હોદ્દેદારો, શુભેચ્છકો સૌ કોઇ કૃતનિશ્ચયી છે. સૌ કોઇનો એક જ સુર છે કે દેશના વિકાસ માટે, દેશની શાંતિ, સલામતિ અને સુરક્ષા માટે આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીને ફરીથી દિલ્હીની ગાદી પર બેસાડવા. આમ ગુજરાતની તમામ ૨૬ લોકસભાની બેઠક પર ભાજપાનો ભવ્ય વિજય થશે તે વાત નિશ્ચિત છે. જ્યારે બીજી તરફ કોંગ્રેસ અત્યારથી જ આ લોકસભાની ચૂંટણી હારી ગઇ હોય તેમ ચૂંટણીના મેદાનમાં ક્યાય દેખાતી નથી. કોંગ્રેસના કાર્યકર્તાઓને પોતાના નેતા પર જ ભરોસો નથી ત્યારે ગુજરાતની જનતા કોંગ્રેસ પર ભરોસો કઇ રીતે કરી શકે ? કોંગ્રેસ પાસે નથી નેતા, નથી નેતૃત્વ કે નથી નીતિ, ત્યારે નેતૃત્વવિહિન અને દિશાવિહિન કોંગ્રેસ અત્યારથી જ ગુજરાતમાં ચૂંટણી મેદાન છોડી ચૂકી છે.

ત્રણ દિવસીય ગુજરાત ભાજપાની પ્રદેશ સંસદીય દળની બેઠકમાં ગુજરાતની ૨૬ લોકસભા બેઠકોની સમિક્ષા કરવામાં આવી હતી. સ્થાનિક કાર્યકર્તાઓ, હોદ્દેદારો અને શુભેચ્છકો દ્વારા જે રજુઆતો કરવામાં આવી હતી, તે રજુઆતોને ધ્યાનમાં લઇને લોકસભાદીઠ સંભવિત ઉમેદવારોની યાદી બનાવવામાં આવી હતી. આગામી દિવસોમાં જ્યારે કેન્દ્રીય સંસદીય દળની બેઠક મળશે ત્યારે ગુજરાત લોકસભા ચૂંટણી સમિતિ લોકસભા બેઠકદીઠ સંભવિત નામોની તૈયાર કરેલ યાદી કેન્દ્રીય સંસદીય દળ સમક્ષ રજુ કરશે તેમ શ્રી વાઘાણીએ અંતમાં જણાવ્યુ હતુ.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૩ તા. ૧૯.૦૩.૨૦૧૯

-----------

**યુવા પત્રકાર ચિરાગ પટેલના અપમૃત્યુ માટે સમગ્ર ભાજપા સંવેદના સાથે દુ:ખ વ્યકત કરે છે અને હૃદયપૂર્વક શ્રધ્ધાંજલિ આપે છે – શ્રી ભરત પંડ્યા**

-----------

**મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રુપાણી અને ગૃહમંત્રીશ્રી પ્રદીપસિંહ જાડેજાએ પોલીસ તંત્રને તાત્કાલિક કાર્યવાહી કરવાં કડક સૂચના આપેલ છે. – શ્રી ભરત પંડ્યા**

-----------

**પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઈ વાઘાણીએ પણ આ સંદર્ભમાં મુખ્યમંત્રીશ્રી સાથે વાત કરી છે. – શ્રી ભરત પંડ્યા**

-----------

**આ રાજકીય નહીં, સંવેદના અને ન્યાયનો વિષય છે અને તેનાં માટે ભાજપ સરકાર સંપૂર્ણ રીતે કટીબધ્ધ છે. – શ્રી ભરત પંડ્યા**

-----------

ભાજપ પ્રદેશ પ્રવકતાશ્રી ભરત પંડયાએ મીડિયા સાથે વાત કરતાં જણાવ્યું હતું કે, યુવા પત્રકાર ચિરાગ પટેલનું જે અપમૃત્યુ થયું છે, તેનાં માટે ભાજપ સંવેદના સાથે દુ:ખ વ્યકત કરે છે અને હૃદયપૂર્વક શ્રધ્ધાંજલિ આપે છે. તેમનાં પરીવારની અને પત્રકારજગતની લાગણી સાથે અમારી લાગણી પણ સમાયેલી છે.

પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઈ વાઘાણીએ પણ આ સંદર્ભમાં મુખ્યમંત્રીશ્રી સાથે વાત કરી છે.

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રુપાણી અને ગૃહમંત્રીશ્રી પ્રદીપસિંહ જાડેજાએ પોલીસતંત્રને કડક સૂચના આપીને તાત્કાલિક કાર્યવાહી કરવાં જણાવ્યું છે. તેમનાં પરીવારને ન્યાય અપાવવાં સરકાર કટીબધ્ધ છે.

આ ઘટનાની તપાસ ચાલુ છે. આ ઘટનાનાં મૂળ સુધી પહોંચીને જે કોઈ દોષિત હશે તેનાં સંયોગિક પુરાવા મળતાંની સાથે જ કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવશે.

શ્રી પંડયાએ જણાવ્યું હતું કે, આ રાજકીય નહીં, સંવેદના અને ન્યાયનો વિષય છે અને તેનાં માટે ભાજપ સરકાર સંપૂર્ણ રીતે કટીબધ્ધ છે.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
### શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ-૦૪ | તા. ૧૯.૦૩.૨૦૧૯

-----------

**મુખ્યમંત્રીશ્રીના સત્તાવાર નિવાસસ્થાન પર બેઠકો થઈ શકે છે.**
**ભાજપા સામે ફરિયાદ કરનારાઓએ શ્રીમતી સોનીયા ગાંધીના સરકારી નિવાસસ્થાને કોંગ્રેસની બેઠકો યોજાય છે, તેનો જવાબ આપવો જોઈએ - શ્રી ભરત પંડ્યા**

-----------

**નેતૃત્વવિહિન, દિશાવિહિન અને મુદ્દાવિહિન કોંગ્રેસે પાણીમાંથી પોરા કાઢવાનું બંધ કરી દેવું જોઈએ.**
**"જો લોગ શીશે કે ઘર મેં રહતે હૈ, વો દૂસરે કે ઘર પે પથ્થર નહીં ફેંકા કરતે"**
**- શ્રી ભરત પંડ્યા**

-----------

ભાજપા પ્રદેશ પ્રવક્તાશ્રી ભરત પંડ્યાએ જણાવ્યુ હતુ કે, ભાજપાની લોકસભા ચૂંટણી સમિતિની બેઠકો અંગે ફરિયાદ કરતા પહેલા કોંગ્રેસે પોતાનો ઈતિહાસ તપાસી લેવો જોઈએ. ભાજપાની બેઠકો મુખ્યમંત્રીશ્રીના અધિકૃત નિવાસસ્થાન પર થઇ છે અને નિયમ પ્રમાણે નિવાસસ્થાન પર બેઠકો થઇ શકે છે. કોંગ્રેસે ચૂંટણી પંચમાં અમારી ફરીયાદ ભલે કરી પણ સાથે સાથે કોંગ્રેસના શ્રીમતી સોનીયા ગાંધીના સરકારી નિવાસસ્થાને પણ કોંગ્રેસની બેઠકો મળે છે તેનો પણ જવાબ આપવો જોઈએ. કોંગ્રેસ શાસિત રાજયોમાં પણ કોંગ્રેસનાં મુખ્યમંત્રીશ્રીઓ તેમનાં સરકારી નિવાસ સ્થાન પર કોંગ્રેસની દરેક પ્રકારની મીટીંગો કરે છે.તેનો પણ કોંગ્રેસ ખુલાસો કરે.

"જો લોગ શીશે કે ઘર મેં રહતે હૈ, વો દૂસરે કે ઘર પે પથ્થર નહીં ફેંકા કરતે"

તેમ શ્રી પંડયાએ અંતમાં જણાવ્યું હતું.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ